| | | Suresh Sanghrajka | 27 | 7573360-360 | 147738515-541 |
| | | | 18 | 10331464-464 | 185184327-344 |
| | | | 21 | 12958236-236 | 260185669-689 |
| | | | 86 | 51487849-851 | 1180006865-950 |
| 14 | 102440008 | Ram Ashrey | 45 | 59501759-759 | 1597311212-256 |
| | | | 45 | 62281749-749 | 2191052241-285 |
| 15 | 100046167 | Ramchandra Patankar | 18 | 58100803-803 | 1611594125-142 |
| | | | 18 | 62068685-685 | 2183077630-647 |
| | | | 36 | 66732423-423 | 6882396111-146 |
| 16 | 113567131 | S Mayadevi | 45 | 62573369-369 | 2216054596-640 |
| | | S Bala Gopal | 90 | 66854666-666 | 6892215735-824 |
| 17 | 68344956 | Sita Verma | 25 | 16642371-371 | 466371995-019 |
| | | | 25 | 50971656-656 | 1166538253-277 |
| | | | 50 | 62258855-855 | 2189369709-758 |
| 18 | 1165046 | Tarulata Natwarlal Sanghavi | 50 | 16485387-387 | 410015770-819 |
| | | Natwarlal Mohanlal Sanghavi | 5 | 16485389-389 | 410015845-849 |
| | | | 55 | 66566549-549 | 6865865434-488 |
| 19 | 35859233 | Vilas Pareshwar Karande | 63 | 58385036-036 | 1621788884-946 |
| | | Miss Vaishali Vilas Karande | | | |
| 20 | 113258368 | Vinodchandra Jayantilal Soni | 90 | 66607571-571 | 6868980623-712 |
| | | Chandrika Vinodchandra Soni | | | |
| | | **Total** | **2982** | | |

The Public is hereby warned against purchasing or dealing with these securities any way. Any person(s) who has / have any claim in regard of the securities, should lodge such claim with the Company's Registrar and Transfer Agents viz. **"KFin Technologies Private Limited"** Selenium Tower B, Plot No. 31-32, Gachibowli Financial District, Nanakramguda, Hyderabad - 500 032, **within Seven (7) days** from the date of publication of this notice, failing which, the Company will proceed to issue duplicate certificate(s) in respect of the aforesaid securities.

for Reliance Industries Limited
Sd/-
Savithri Parekh
Joint Company Secretary and Compliance Officer

Place : Mumbai
Date : 3rd July, 2020

www.ril.com

# કોવિડ - ૧૯ ના પગલે છોટાઉદેપુર જિલ્લામાં જાહેરનામું અમલી

છોટાઉદેપુર તા.૩

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID -19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યમાં જાહેર કરવામાં આવેલ નોવેલ કોરોના વાયરસ COVID-19 ના Containment Zoneમાં તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ સુધીના ક્જ્ઞભસમજ્ઞક્ષ ની અવધી લંબાવવામાં આવી છે તથા Containment Zone સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સૂચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવ્યો છે. તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી કન્ટેનમેન્ટ અને નોન કન્ટેનમેન્ટ વિસ્તાર પ્રમાણે અનુસરવા ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. છોટાઉદેપુર જિલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ સુજલ મયાત્રાએ, ફોજદારી કાર્યરિતી અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અને ગુજરાત એપેડેમિક ડિસીઝ, કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૩ અને ૩૪ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે, તે અન્વયે કેટલીક સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

૧. સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી સમય સાંજે ૭ થી સવારે ૫ કલાક સુધી (૭ કલાક) રાત્રિ કર્ફ્યુ રહેશે. ૨.રાત્રિ કર્ફ્યુના સમય દરમ્યાન આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલી હોય તેવી વ્યકિતના સિવાયની વ્યક્તિઓની અવર જવર ઉપર પ્રતિબંધ રહેશે. ૩. કર્ફ્યુના સમય દરમ્યાન સરકારી કર્મચારીઓને તેમના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ઓળખકાર્ડ, પાસ માન્ય ગણાશે.

આ ઉપરાંત આ બાબતો પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. ૧. શૈક્ષણિક સંસ્થાઓ, રીસર્ચ ઇન્સ્ટિટયુટ, કોચીંગ ઇન્સ્ટિટયુટ (વહીવટી કાર્યલાય સિવાય) ચાલુ રાખી શકાશે નહી તેમ છતાં ઓનલાઇન ડિસ્ટન્સ લર્વિંગ ચાલુ રાખી શકાશે. જીમ, સ્વીમીંગ પુલ, જાહેર બગીચા, પ્રાણી સંગ્રહાલય, વોટર પાર્ક, મનોરંજન પાર્ક, ઐતિહાસિક તથા અન્ય પ્રવાસન સ્થળો, સિન્ગ્લ સ્ક્રીન અને મલ્ટી સ્ક્રીન સિનેમા હોલ્સ અને મલ્ટીપ્લેક્ષ ચાલુ રાખી શકાશે નહી. સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં જાહેર સ્થળોએ કોઈપણ પ્રકારના સામાજિક, રાજકીય, સ્પોર્ટસ/શૈક્ષણિક, સાંસ્કૃત્તિક/ ધાર્મિક કાર્યક્રમો તથા સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા ઉપર પ્રતિબંધ રહેશે કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી. ૬૫ વર્ષથી વ્યક્તિ, બિમાર વ્યક્તિઓ, સર્ગભા મહિલાઓ, ૧૦ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને આવશ્યક અને આરોગ્યના કારણો સિવાય ઘરે રહેવા સૂચિત કરવામાં આવે છે. પ્રતિબંધિત બાબતો સિવાયની તમામ કાયદેસર પ્રવૃત્તિઓ નોન કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારમાં નીચેની શરતોએ ચાલુ રાખી શકાશે. ઉપર મુજબના પેરા નં ૧ સિવાયની તમામ આર્થિક પ્રવૃત્તિઓ રાત્રિના ૦૮.૦૦ સુધી ચા રાખી શકાશે. હોટલો, રેસ્ટોરેન્ટ/ ખાણી-પીણીના સ્થળો રાત્રિના ૦૯.૦૦ સુધી ચાલુ રાખી શકાશે. ૨.સતત પ્રક્રિયાવાળા ઉદ્યોગો સમયના બાપ સિવાય ચાલુ રાખી શકાશે. ૩. કોઈપણ જાતના પ્રતિબંધ વગર માલ સામાનનું પરિવહન રાજ્યની અંદર તથા રાજ્ય બહાર ચાલુ રાખી શકાશે . આવી અવર જવર માટે હોઇપણ પ્રકારની પરમિશનની જરૂર રહેશે નહી સિવાય કે અન્ય કોઈ કાયદા હેઠળ પાસ પરમિટ મેળવવાના રહેતા હોય, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાની જવાબદારી જે-તે દુધ, ફ્રુટ, શાકભાજી વિક્રેતા, કરિયાણા દુકાન, દવાઓ, હોસ્પિટલ, બેંક, પોસ્ટ ઓફિસ, સહકારી મંડળી, એ પી એમ સી અથવા જે-તે સંસ્થા, કંપની, ઔદ્યોગિક એકમો, ઉત્પાદક, વિક્રેતા, વાહન માલિક, મેનેજર પેઢીના જવાબદાર વ્યક્તિ વગેરેની રહેશે. જો ઉક્ત જગ્યાઓ પર સોશિયલ ડિસ્ટન્સનું પાલન નહિં થાય તો જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ‘‘આરોગ્ય સેતુ એપ‘‘ ધંધા/દુકાનદારે પોતે તેમજ તમામ કર્મચારીઓ પાસે ફરજીયાત પણે ઉપયોગ કરવાના રહેશે. ૧૦૦ % કર્મચારીઓ આ એપ ડાઉનલોડ કરી ઉપયોગ કરે તે અંગેની જવાબદારી સંબંધિત ધંધા/દુકાનદાર અથવા સંસ્થાના માલિકની રહેશે. કોઇપણ કર્મચારી મજૂર કોરોના/COVID-19 ના લક્ષણોવાળું જણાય તો તાકીદ નજીકની કોરોના ઈઘટઈઉ-૧૯ હોસ્પિટલમાં લઈ જ ચેકઅપ કરાવી લેવાનું રહેશે.

રોગપ્રતિકારક શકિત વધારે તેવા ઉપચારો માટે કર્મચારીઓ/કારીગરોને જરૂરી તાલીમ અને માર્ગદર્શન આપવાનું રહેશે. પાનની દુકાનો સોશ્યલ ડિસ્ટન્સ સાથે ખુલ્લી રાખી શકાશે પરંતુ પાન, મસાલા તમાકુ વગેરે જાહેર જગ્યાઓ ઉપર ખાવાની મનાઈ રહેશે. ફકત ઘરે લઈ જઈને જ ઉપયોગ કરી શકાશે. કોઈપણ કારણોસર વ્યકિત ઘરની બહાર જાહેર રસ્તા ઉપર કે જાહેર જગ્યાએ નિકળે તેમણે તથા ધંધા, કામકાજના સ્થળે મોં ઉપર (મોઢું તથા નાક ઢંકાય તે રીતે) માસ્ક (કોઈપણ પ્રકારનું કપડું) બાંધવું ફરજીયાત રહેશે તેનો ભંગ કરનાર પાસેથી રૂ. ૨૦૦ (અંકે રૂપિયા બસ્સો) દંડ વસૂલવામાં આવશે. જાહેર રસ્તાઓ ઉપર થૂંકીને કે અન્ય રીતે ગંદકી કરશે અથવા ફેલાવશે તો તેમની પાસેથી રૂ. ૨૦૦ દંડ વસૂલવામાં આવશે. સદરહુ દંડ સંબંધિત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ/પોલીસે વસૂલ કરવાનો રહેશે. તમામ જાહેર સ્થળો અને વાહનોમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સોશિયલ ડિસ્ટન્સીંગ અને હાઈજીનની ગાઈલાઈનનું પાલન કરવાનું રહેશે. અંતિમયાત્રા, સ્મશાનયાત્રામાં નિયમોનુસાર સામાજિક અંતર જળવાઈ રહે તે રીતે ૨૦ થી વધુ લોકો એકઠાં થવાની પરવાનગી આપી શકાશે નહી. લગ્ન પ્રસંગ સંબંધી મેળાવડાઓ માટે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવી સોશિયલ ડિસ્ટન્ટસીંગનું ફરજીયાત પાલન કરવાનું રહેશે તેમજ મહેમાનોની સંખ્યા ૫૦ (પચાસ) થી વધવી જોઇએ નહી. જી.એસ.આર.ટી.સી.ની બસ સેવા ચાલુ રાખી શકાશે. ઓટો રીક્ષા ચાલુ રાખી શકાશે, એક ડ્રાઇવર અને બે પેસેન્જર મુસાફરી કરી શકશે. કેબ, ટેક્ષી અને ખાનગી વાહનો, એક ડ્રાઈવર અને બે પેસેન્જર મુસાફરી કરી શકશે. જો વાહનની બેઠક ક્ષમતા છ વ્યક્તિની હોય તો એક ડ્રાઇવર અને ત્રણ પેસેન્જર મુસાફરી કરી શકશે.

ખાનગી બસ સેવા જી.એસ.આર.ટી.સી.ની બસોની જેમ ૫૦ % કેપેસીટી સાથે ચાલુ રાખો કોઈ પેસેન્જર ઉભા રાખી મુસાફરી કરી શકાશે નહી. બાર્બર, હેરકટ સલુન અને બ્યુટી પાર્લર સોશિયલ ડિસ્ટન્ટસીંગનું પાલન કરીને ચાલુ કરી શકાશે. તમામ લાયબ્રેરી ૬૦% કેપેસીટી સાથે શરૂ રહેશે. ખાનગી ઓફિસો સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલન સાથે ચાલુ રાખી શકાશે તેમ છતા વર્ક ફ્રોમ હોમને પ્રોત્સાહન આપવાનું રહેશે. તમામ સરકારી કચેરી, બેંક ચાલુ રાખી શકાશે. તમામ રીપેરીંગ શોપ, ગેરેજ, વર્કશોપ, સર્વિસ સ્ટેશન ચાલુ રાખી શકાશે. સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને સ્ટેડિયમ સક્ષમ અધિકારીની પરવાનગી મેળવી ચાલુ રાખી શકાશે પરંતુ દર્શકોને સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને સ્ટેડિયમમાં જવાની પરવાનગી રહેશે નહી ટેલિકાસ્ટ પર કોઈ પ્રતિબંધ રહેશે નહિ. ચા, કોફીની દુકાનો સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સોશિયલ ડિસ્ટન્ટસીંગ અને હાઇજીનના નિયમોનું પાલન કરી, એક સમયે ૫ (પાંચ) થી વધુ વ્યક્તિઓ ભેગા ન થાય તે રીતે ચાલુ રાખી શકાશે. જ્યુસ, રસ, ઠંડા પીણા, આઈસ્ક્રીમ વગેરેની દુકાનો સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સોશિયલ ડિસ્ટન્ટસીંગ અને હાઈજીનના નિયમોનું પાલન કરી, એક સમયે ૫ (પાંચ) થી વધુ વ્યક્તિઓ ભેગા ન થાય તે રીતે ચાલુ રાખી શકાશે. ઉદ્યોગો ૧૦૦% ક્ષમતાથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સોશિયલ ડિસ્ટન્ટસીંગ અને હાઈજીનના નિયમોનું પાલન કરી ચાલુ રાખી શકાશે. ઉદ્યોગ/કામકાજના સ્થળોએ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવા માટે બે સિફ્ટ અને લંચ બ્રેક વચ્ચે સમયનું અંતર રાખવાનું રહેશે. ઉદ્યોગ/કામકાજના સ્થળોએ એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ અને કોમન એરીયામાં થર્મલ સ્કેનીંગ હેન્ડવોશ અને સેનિટઝરની વ્યવસ્થા રાખવાની રહેશે. ઉદ્યોગ/કામકાજના સ્થળોએ બે સિફ્ટની વચ્ચે ધંધાના સ્થળને સંપૂર્ણ સેનીટાઇઝ કરવાનું રહેશે. હોટેલ રેસ્ટોરન્ટ અને ખાણીપીણીના સ્થળો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સોશિયલ ડિસ્ટન્ટસીંગ અને હાઇજિનના નિયમોનું પાલન કરી, સીટીંગ વ્યવસ્થા સાથે ચાલું કરી શકાશે. તમામ ધાર્મિક સ્થળો સોશિયલ ડિસ્ન્ટસીંગના માલ સાથે ચાલુ રાખી શકાશે પરંતુ કોઈ ધાર્મિક કાર્યક્રમ, મેળાવડા, સભા, સરઘસ કે વધુ લોકો ભેગા થાય તેવો કાર્યક્રમ રાખી શકાશે નહી, સંબંધ નગરપાલિકા અથવા ગ્રામ પંચાયત દ્વારા વિસ્તારો નક્કી કરી શહેરી બજાર/અઠવાડીક બજાર ખૂલ્લા રાખવા તથા ફેરિયાઓ સ્ટ્રીટ વેન્ડર) અંગે વિતગવાર આયોજન કરવાનું રહેશે તથા તેનું ચુસ્તપણે પાલન થાય તે રીતે ચાલુ રાખી શકાશે. કન્ટેનમેન્ટ ઝોનમાં અનુસરવાની કાર્યરીતિ-૧, ઉકત પેરા નં.૨ મુજબની છૂટછાટ કન્ટેનમેન્ટ ઝોન/એરિયાને લાગુ પડશે નહી. કન્ટેનમેન્ટ/માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં ૦૭ : ૦૦ થી ૧૯ : ૦૦ કલાક સુધી ફક્ત આવશ્યક સેવાઓ ચાલુ રાખી શકાશે. કન્ટેનમેન્ટ ઝોન/એરિયામાંથી મેડિકલ સેવા, આવશ્યક સેવા અને ચીજવસ્તુઓની અવર જવર સિવાય લોકોની અવર જવર ઉપર સખ્ત નિયંત્રણ રાખવાનું રહેશે. આવશ્યક સેવાઓ સિવાય, કામદારો/ કર્મચારીઓ/ દુકાનદારો કે જેમના ઘર કન્ટેનમેન્ટ, માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં આવેલ હોય તેઓ કન્ટેનમેન્ટ/માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનથી બહાર જઈ શકશે નહી.

જાહેરનામાં અર્થઘટન બાબતે કોઇ વિસંગતતા જણાય તો ભારત સરકારના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક No.40-32020 - DM - I (A) , તા.૩૦/૦૫/૨૦૨૦ તથા ગુજરાત સરકારના જાહેરનામાં હુકમ ક્રમાંક : જીજી / ૨૮/ ૨૦૨ ૧ વિ- ૧/કઅ/૧૦૨૦૨૦/ ૪૮૨,તા. ૩૦/૦૫/૨૦૨૦ ની મૂળ ગાઈડલાઈન મુજબ અર્થઘટન કરવાનું રહેશે. સદર જાહેરનામામાં દર્શાવેલ વિષય સંબંધિત કોઇપણ પ્રશ્ન કે સમસ્યા ઉપસ્થિત થાય તો જે-તે વિભાગ/કચેરીના અધિકારીનો સંપર્ક સાધવાનો રહેશે.

આ જાહેરનામું સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારને લાગુ પડશે. આ હુકમ તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય દંડ સહિતા- ૧૮૬૦ ની કલમ - ૧૮૮, ધ ગુજરાત એપેડેમિક ડિઝાસ્ટર એકટ રેગ્યુલેશન, ૨૦૨૦ ની જોગવાઇઓ મુજબ સજા થશે.

## અજાણ્યા પુરૂષના વાલીવારસોએ નંદેસરી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

વડોદરા તા.૩

નામ-સરનામાની ખબર નથી તેવા અંદાજે૫૦ વર્ષીય અજાણ્યા પુરૂષ તા.૩૦ જૂનના રોજ ૬.૩૦ કલાકે મૃત્યુ પામ્યા છે. વાસદ થી વડોદરા તરફ જતાં નેશનલ હાઇવે નં.૮ ફાજલપુર મહિસાગર નદીના બ્રિજ પરથી નીચે પડી જતાં તેમને માથાના ભાગે અને બંને પગે ગંભીર ઇજા થયેલ છે. તપાસ કરતા તેમના વાલીવારસો મળ્યા નથી. વાલીવારસોએ નંદેસરી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો, તેમ નંદેસરી પોલીસ સ્ટેશનની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## કિશનવાડી જાગૃતિ મહોલ્લાના

# મકાનમાંથી શરાબના જથ્થા સાથે ત્રણ શખ્સોની ધરપકડ

વડોદરા, તા.૩

કિશનવાડી જાગૃતિ મહોલ્લામાં એક મકાનમાં પોલીસે દરોડો પાડી વિદેશી શરાબના જથ્થા સાતે ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. બાપોદ પોલીસે ત્રણેવની ધરપકડ કરી હતી. તથા મુદ્દામાલ કબ્જે લીધો હતો. મહિલા તથા અન્ય શખ્સને ફરાર જાહેર કરવામાં આવ્યો હતો.

બાપોદ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળ્યો તહો. ત્યારે બાતમી મળી હતી કે, કિશનવાડી જાગૃતિ મહોલ્લામાં કુંતલ વસાવા વિદેશી શરાબનું વેચાણ કરે છે. આથી પોલીસે તુરતજ તે સ્થળે દરોડો પાડયે હતો. પોલીસે મકાનની તલાક્ષ લેતા અંદાજે રૂપિયા ૩૫ હજારની કિંમત ધરાવતો વિદેશી શરાબના જથ્થો મળી આવ્યો હતો. મકાનમાં હાજર ત્રણ શખ્સોની જડતી લેતા મોબાઈલ ફોના અને ટેબ્લેટ મળી આવ્યા હતા. પોલીસે મુદ્દામાલ કબ્જે લીધો હતો. બપોદ પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદના આધારે પોલીસે કુંતલ કમલેશભાઈ વસાવા સાગર હરીશભાઈ વસવા તથા દર્શનભાઈ કમલેશભાઈ વસાવાની ધરપકડ કરી હતી તેમજ મનીષાબેન વિજયભાઈ ઉર્ફે ટોપી તથા કલ્પેશ ઉર્ફે કલ્લુ પરમાર બન્ને (રહે. રામદેવનગર,આજવા રોડ)ને ફરર જાહેર કરવામાં આવ્યા હતા.

## દર્દી તપાસવાનો લક્ષ્યાંક સિધ્ધ ન થઈ શકયો

# ડ્રાઈવરો ન આવતા ધન્વન્તરી રથ સમયસર દોડયા નહીં

વડોદરા, તા.૩

પાલિકાના આરોગ્ય વિભાગ હસ્તક હાલ કુલ-૩૪ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર્સ ખાતેથી વાયરસ કોવિડ-૧૯ના સંક્રમણની પરિસ્થિતિને સંદર્ભે આરોગ્ય સેવાઓ ઘર આંગણે મળી રહે તેવા અભિગમ અને આગોતરા આયોજનના ભાગરૂપે સમગ્ર શહેર વિસ્તારમાં કુલ ૧૭ ધન્વતરી આરોગ્ય રથનું ફલેગ ઓફ કરી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. તાજેતરમાં શરૂ કરાયેલી આ યોજનામાં પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ ઘડાયો હતો. વ્હિકલપુલથી ડ્રાઈવરો મોડા આવતા અનેક અર્બન હેલ્થ સેન્ટરો ખાતેથી સમયસર રથ દોડી શકયા ન હતા.

દરેક આરોગ્ય રથને બે બે અર્બન હેલ્થ સેન્ટરના વિસ્તારો ફાળવવામાં આવ્યા છે. ૯થી ૧૦.૩૦,૧૦.૩૦થી ૧૨, ૨થી ૩.૩૦ અને ૩.૩૦થી ૫ વાગ્યાના સમયમાં ચાર શિફ્ટમાં રથ દોડવવાના હતા. એક અઠવાડીયામાં એક વિસ્તાર કવર કરી સમગ્ર શહેરમાં અસરકારક કારોનાની કામગીરી કરવાની હતી.

પરંતુ વ્હિકલપુલથી અનેક ડ્રાઈવરો શહેર વિસ્તારમાં દોડી શકયા ન હતા. ડ્રાઈવરો મોડા આવતા તમામ અર્બન હેલ્થ સેન્ટરોમાં રથને ઓછા સમય માટે ફાળવવા પડયા હતા. વળી બપોરે ૩ વાગે ડ્રાઈવરોની શીફ્ટ બદલાતી હોવાથી આ સમયે પણ કામગીરી ખોરવાઈ ગઈ હતી. અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફનો સમય પણ વેડફાયો હતો. આ કારણે દર્દીનો લક્ષાંક જોઈએ તે મુજબ સિધ્ધ થઈ શકયોન હતો. હવે આરોગ્ય વિભાગ દ્વારા ચારેય શિફ્ટ માટે સવારે ૯થી ૫ કામ કરી શકે તેવા ૧૭ અલગ ડ્રાઈવરો ફાળવી આપવાની માંગણી કરાઈ છે.

## પુત્રી સાથે પ્રેમસંબંધ મામલે

# માતા પિતા ઠપકો આપવા ગયા તો પ્રેમીએ ધમકી આપી

વડોદરા, તા.૩

તુ કેમ મારી સાથે બોલતી નથી મારે તારી સાથે જ લગ્ન કરવા છે. તારા લગ્ન હું બીજા કોઈની સાથે થવા નહી દઉ તેમ કહી પ્રેમિકાને ધમકી આઅપવાનો આરોપ ધરાવતા સહિલ ઉર્ફે જામ્બો ચુનારા વિરૂધ્ધ વાડી પોલીસ મથકે ગુનો નોંધ ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર બરાનપુરા પેટ્રોલપંપ સામે વિઠ્ઠલેશ વાડીમાં રહેતા રૂપાબેનની મોટી પુત્રી અને ચુનારાવાસ ડભોઈ પોલીસ ચોકીની બાજુમાં રહેતા સાહીલ ઉર્ફે જામ્બો ચુનારા વચ્ચે પ્રેમ સંબંધ પાંગ્યો હતો. ફ્રુટની લારી ફેરવતા મહેન્દ્રભાઈ ચુનારાને પત્ની રૂપાબેન ફરીયાદ કરી હતી કે મોટી પુત્રીનું લફરુ છે. આથી દંપતિએ મોટી પુત્રીની પુછપરછ કરતા તેણીએ કબુલાત કરી હતી કે સાહીલ ઉર્ફે જમ્બો ચુનાા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. પરંતુ હવે હુ તેની સાથે બોલતી નથી.

બીજી બાજુ પ્રેમી સાહિલ ઉર્ફે જામ્બો ચુનારાએ મોબાઈલ ફોન પર પ્રેમિકા સાથે સંપર્ક જળવાઈ રહે તે આશયથી પ્રેમિકાને મોબાઈલ ફોન આપ્યો હતો. જયારે પણ મન થાય ત્યારે પ્રેમી મોબાઈલ ફોનથી સંપર્ક સાથી પ્રેમિકા સાથે વાત કરતો હતો. દરમિયાન બપોરના સમયે પ્રેમ સાથે મોબાઈલ ફોન પરત વાત કરતી પુત્રીને પિતાએ રંગેહાથ પકડી હતી. આથી ચુનારા દંપતિ પુત્રના પ્રેમીના ઘરે ગયા હતા. અને પ્રેમીના પરિવારજનો સમક્ષ ફરિયાદ કરી હતી. પરંતુ આ વાતની ફરિયાદ બાપ પણ કોઈ સુધારે જોવા મળ્યો ન હતા. તદુપરાંત પ્રેમીએ બીજે લગ્ન કરીશ તો જોઈ લેવાની ધમકી ઉચ્ચારી હતી. વાડી પોલીસ મથકે પેમી વિરૂધ્ધ પ્રેમિકાની માતાએ ફરીયાદ નોંધાવી હતી.

# દારૂની ડિલીવરી માટે ઉભેલો શખ્સ ઝડપાયો : હજારોનો મુદ્દામાલ જપ્ત

વડોદરા, તા.૩

એકટીવા પર દારૂની ડિલીવરી માટે આવેલા શખ્સને પાદરા પોલીસે બાતમીના આધારે પાદરા શ્રીજી હોસ્પિટલ પાસેથી દારૂના કવાટરીયા નં. ૩૦ કિંમત રૂા. ૩ હજાર, મોબાઈલ ફોન તથા એકટીવા મળી કુલ રૂા.૩૩૦૦૦ હજારનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.પાદરાના પરા ખાતે આવેલ પરનામી અગરબતી પાસે પાદરાની ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતો સાદીક ઈશાભાઈ ઘાંચી (કડીવાલા) એકટીવા પર દારૂની ડીલીવરી કરવા માટે પાદરાની શ્રીજી હોસ્પિટલ પાસે ઉભો હતો. એ અંગેની બાતમી પાદરા પોલીસ મળી હતી. પોલીસે પેટ્રોલીંગમાં નીકળેલ ટીમને બાતમીને મેસેજ આવતા પોલીસ ટીમ શ્રજી હોસ્પિટલ પાસે પહેંચી હતી.જયાં શંકાસ્પદ હાલતમાં ઉભેલા શખ્સને પોલીસે રાઉન્ડ અપ કરી તેની પુછપરછ કરી હતી. અને એકટીવાની તલાસી લેતા તેમાં સંતાડીને મુકેલ દારૂની બોટલોના કવાટરીયા નંગ ૩૦ મળી આવ્યા હતા. જે પોલીસે એકટીવા સાથે દારૂના કવાટરીયા તથા સાદીક ઘાંચીની ધરપકડ કરી હતી.

## કરજણ-મીયાગામ-સમની રસ્તાના જૂના ઓવરબ્રીજનું સમારકામ ચાલુ કરતા વૈકલ્પિક માર્ગ જાહેર કરાયો

વડોદરા તા.૦૩

કરજણ-મીયાગામ-સમની રસ્તા પર આવેલ જૂના રેલવે ઓવરબ્રીજનું સમારકામ કરવાનું છે. આથી તા.૩૧-૦૭-૨૦૨૦ સુધી જુના રેલવે ઓવર બ્રીજથી પસાર થતા વાહનો માટે વૈકલ્પિક માર્ગ જાહેર કરવામાં આવ્યો છે. કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલે એક જાહેરનામું દ્વારા, નેશનલ હાઈવે-૪૮ થી આમોદ, ઉમજ અને પાદરા તરફ જતાં અને આવતા વાહનોની અવર-જવર માટે કરજણ બાયપાસ રસ્તા પર આવેલ નવિન રેલવે ઓવરબ્રીજનો વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડ્યું છે.

## કોવિડ - ૧૯ ના રોગચાળા દરમિયાન સર્વોત્તમ પ્રદર્શન

# ગ્રાહકોના માનસિકતા અને કન્વિનિઇન્સ ફૂડની જરૂરિયાત ને ધ્યાન માં રાખી વાઈ - વાઈ નૂડલ્સએ અનુભવ્યું અદભુત વિકાસ

ગુજરાત - સીજી ફુડ્સ, જે બહુરાષ્ટ્રીય સંગઠન સીજી કોર્પ ગ્લોબલની એફએમસીજી વર્ટિકલ છે અને જે ગુજરાત રાજ્યમાં વાઈ વાઇ એક્સપ્રેસ બ્રાન્ડ એક્સ્ટેંશન અંતર્ગત ‘‘વાઈ- વાઈ‘‘ તૈયાર નૂડલ્સ વેરિએન્ટ્સ અને કન્વેન્શનલ (ઇન્સ્ટન્ટ) નૂડલ્સનું વેચાણ કરે છે એને આજે ગુજરાત રાજ્યમાં પોતાના બ્રાન્ડ વિષેયે મહત્તવપૂર્ણ જાહેરાત કરી. કંપનીએ જણાવ્યું કે ગુજરાતના ગ્રાહકો ને પોતાના સેવાઓ પુરી પાડવા માટે, તે પોતાના અજમેર સ્થિત ૧૦મી મેન્યુફેકચરિંગ લાઇનના કામગીરીમાં ૯૦% સુધી ક્ષમતાના વપરાશ વધારો કરશે. છેલ્લા ૨ જ મહિનામાં વાઇ વાઇ બ્રાન્ડ ના પ્રોડક્ટ્સએ ગુજરાતમાં પોતાના વપરાશમાં ૨૫% નો નોંધપાત્ર વધારોનું અનુભવ કર્યા છે. કોવીડ રોગચાળો અને તેના પરિણામ સ્વરૂપના લોકડાઉન ના કારણે વ્યવસાયની ઇકોસિસ્ટમ્સ અને ઉપભોક્તાનું વર્તણૂક બદલાઈ ગઈ છે. એફએમસીજી વ્યવસાય પર સ્પષ્ટ અસર કરનાર ગ્રાહક વલણ પર જે પ્રભાવ પડ્યું એ હતું અનુકૂળ ખોરાકની વધતી માંગ છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ વલણ ડબ્લ્યુએફએમ જીવનની નવી રીત બનવા અને ઘરના બાહર ખાવાના વિકલ્પોને વિપરીત અસર કરશે આજે વાઈ વાઈ નૂડલ્સ દેશના એકમાત્ર ‘રેડી ટુ ઇટ’ નૂડલ છે, આ બ્રાન્ડ હાલમાં ગુજરાતમાં વિક્રમજનક વેચાણ કરે છે, કારણ કે તે ગુજરાતના નૂડલ્સ પ્રેમીઓ માટે સંપૂર્ણ રીતે શ્રેષ્ઠ ઉપલબ્ધ વિકલ્પ છે. સીજી કોર્પ ગ્લોબલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર વરૂણ ચૌધરીએ જણાવ્યું હતું કે, અમારું માનવું છે કે હવે નવી આદતોનુ નિર્માણ થઈ રહી છે અને આ નવું આદતો આ સંકટથી આગળ વધશે. આજ સુધી ખાન પાણ વિષયે ગ્રાહકો નું જે સ્વભાવ હતું અને જે રીતે ગ્રાહકો બ્રાન્ડ્સ અને વસ્તુઓ ને જોતા થા , એ આખું રીત પણ બદલાઈ જશે. સુવિધાજનક ખોરાક નું જરૂરિયાત હવે વધુને વધુ નવી જીવનશૈલીનું માર્ગ બનશે અને અમે એક કંપની તરીકે બજારની મોટી સ્લાઈસ પર ધ્યાન આપશું અને નવીનતમ વિચારો અને ટેક્નોલોજીના પ્રયોગ થી વધુ થી વધુ સર્વોત્તમ ઉત્પાદો ગ્રાહકો સુધી પહુંચારીશું અમે ગુજરાતમાં વિતરણ વિસ્તરણ પર ખૂબ ભાર મૂકી રહ્યા છીએ અને અમને એનું સારું ડિવિડન્ડ પણ મળવાનું શરુ થઇ ગયું છે .

માર્ચ અને એપ્રિલમાં, અમે અમારા સરેરાશ વેચાણના ભાગ્યે જ ૫૦૦% હાંસલ કરી શક્યા પણ મે મહિનામાં અમે અમારા સરેરાશના વેચાણ ના ૧૨૦% થી વધુ વેચાણ હાંસલ કરવામાં સફળ થઇ ગયા. સૌથી અગત્યનું,બાવત એ છે કે એક બ્રાન્ડ તરીકે અમે અમારા ગ્રાહક આધારમાં વધારો જોવીને ઉત્સાહિત છીએ કારણ કે આ સમયગાળો આપણા માટે ગુજરાતમાંથી પ્રથમ વખત ઘણા નવા ખરીદદારો લાવ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨ મહિનામાં અમારા વેચાણમાં ૫૦% થી વધુનો વધારો થયો છે અને અમે માનીએ છીએ કે વાઈ વાઈ નૂડલ્સ ના વપરાશની વાત આવે ત્યારે અમે આગામી સમય માં નોંધપાત્ર નવા લક્ષ્યો હાંસલ કરીશું, વરૂણ ચૌધરીએ વધુમાં જણાવ્યું. ગુજરાતમાં આ વધતી માંગને પૂરું કરવા માટે સીજી ફૂડ્સે સતત ઉત્પાદન ચાલુ રાખી અને આ વાત ની ખાતરી કરી કે ગ્રાહકોને વાઈ વાઈ પ્રોડક્ટ્સ મળતા રહે . કંપનીએ સપ્લાય ચેઇન મેનેજમેન્ટ અને ઉત્પાદન પ્રક્રિયા નું એક સર્વોત્તમ સમનવ્યયનું ઉદાહરણ પ્રસ્તુત કરી છેલ્લા કેટલાક વર્ષોમાં એક માર્કેટ તરીકે ગુજરાત રાજ્યમા બ્રાન્ડને ખૂબ જ સારી પ્રતિક્રિયા મળી છે અને લોકડાઉન પછી સીજી ફુડ્સે આક્રમક રીતે તેના ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે જેણે પ્રથમ વખત ગ્રાહકોને નોંધણી કરવામાં મદદ કરી છે. એવું અપેક્ષા કરવામાં આવે છે કે ગ્રાહકો ને વાઈ વાઈ નૂડલ્સ બહુ ભાવશે અને અન્ય નૂડલ બ્રાન્ડની વધેલી ઉપલબ્ધતા પછી પણ બ્રાન્ડ તરફ નવા ગ્રાહકોની પસંદગી ચાલુ રહેશે તદુપરાંત, ગ્રાહકો માટે નો-સંપર્ક ડોર સ્ટેપ ડિલિવરીની જરૂરિયાતને માન્યતા આપીને બ્રાન્ડે સ્વિગી, ગ્રૂફર્સ , બિગબાસ્કેટ જેવા લોકપ્રિય ઇ-કોમર્સ પ્લેટફોર્મ સાથે પણ સહયોગ કર્યો છે. એક રસપ્રદ ખરીદીનો વલણ જે રોગચાળોએ પેદા કર્યો છે તે એ છે કે ગ્રાહકો નાના રસોડામાં મોટા ફેમિલી પેકની ખરીદી કરી તેમના રસોડાને સ્ટોક કરી રહ્યા છે. અને બીજી બાજુ, ઘણા પ્રસંગોચિત વપરાશકર્તાઓ અને નવા ગ્રાહકો નાના પેક્સ ની ખરીધી કરી કસું નવું પ્રયોગ કરવા માંગે છે. કન્વિનિઇન્સ ફૂડ નું માર્કેટ ગ્રોથ સારું હશે અને એમાં નૂડલ્સ માર્કેટ નું વિકાસ દર બમણો હશે . આજના સમયમાં આ વૃદ્ધિ દર આ રીતે જ વળશે એનું શક્યતા છે . એવી અપેક્ષા પણ રાખવામાં આવે છે કે આ વર્ગમાં પ્રવેશ વધુ ઝડપથી વધશે અને સી.જી. ફૂડ્સ તેમાં મુખ્ય ભૂમિકા નિભાવવા તરફ કામ કરશે

## અમદાવાદ સુરતમાં કોરોનાના ૨૦૪-૨૦૪ ગુજરાતના

# ૨૮ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૬૮૭ કેસ નોંધાયા : ૧૮ના મૃત્યુ

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૩

ગુજરાતમાં કારોના વાયરસના દૈનિક કેસના સતત નવા રેકોર્ડનો ક્રમ જારી રહયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૮૭ સાથે અત્યાર સુધીના સૌથી વધારે કેસ નોંધાયા છે. આ સાથે જ ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંક ૩૪ હજારને વટાવીને ૩૪૬૮૬ થયો છે. ગુજરાતમાં છેલ્લા સતત ૭ દિવસથી કોરોનાના ૬૦૦થી વધારે કેસ નોંધાઈ રહયા છે. આજે છેલ્લા ત્રણ દિવસમાં પ્રથમવાર એવું બન્યું છે કે, અમદાવાદ અને સુરતમાં સરખા કેસ નોંધાયા હતા. અમદાવાદમાં ૨૦૪ અને સુરતમાં પણ ૨૦૪ કેસ નોંધાવા પામ્યા છે. વિતેલા ૨૪ કલાકમાં કોરોના કુલ ૧૮ જણને ભરખી ગયો છે. આમ કોરોનાનો ગુજરાતમાં મૃત્યુઆંક ૧૯૦૦ને વટાવીને ૧૯૦૬ થયો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતના ૨૯ જિલ્લામાં કોરોના સંક્રમણના કેસ સામે આવ્યા છે. જેમાં અમદાવાદમાં ૨૦૪,સુરત ૨૦૪, વડોદરામાં ૬૨, જુનાગઢ ૨૬, ભાવનગર ૨૧, ગાંધીનગર ૧૬, ખેડા અને સુરેન્દ્રનગરમાં ૧૪-૧૪ ભરૂચ, પંચમહાલ અને જામનગર ૧૩-૧૩, પાટણ ૧૧, આણંદ ૯, બનાસકાંઠા ૮, મહીસાગર ૭, વલસાડ અને નવસારી ૬-૬, મહેસાણા સાબરકાંઠા અને કચ્છમાં ૫-૫, નર્મદા ૩, વાપી, બોટાદ અને મોરબી ૨-૨, અરવલ્લી, ગીરસોમનાથ, દાહોદ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર ૧-૧ કેસ નોંધાવા પામ્યા છે. અમદાવાદમાં કોરોનાના આજે નવા ૨૦૪ કેસ નોંધાતા કુલ કેસનો આંક ૨૧,૫૪૩ થઈ ગયો છે. અમદાવાદમાં અગાઉની સરખામણીએ હવે કેસોમાં નિયંત્રણ આવ્યુ છે. અને છેલ્લા ૮ દિવસમાં અમદાવાદમાં કુલ ૧૭૦૪ કેસ નોંધાયા છે. બીજી તરફ સુરતમાં ૨૦૪ કોરોનાના કેસ સાથે કુલ કેસનો આંક હવે ૫૪૬૧ થઈ ગયો છે. જયારે વડોદરામાં કુલ કોરોના કેસનો આંક ૨૪૪૩ પર પહોંચ્યો છે.

વિતેલા ૨૪ કલાક દરમ્યાન ગુજરાતમાં કોરોના કુલ ૧૮ દર્દીઓને ભરખી જવા પામ્યો છે. જેમાં સૌથી વધુ અમદાવાદમાં ૧૦ સુરતમાં ૫, ખેડામાં ૨ અને પંચમહાલ ૧ દર્દીનો સમાવેશ થાય છે. અમદાવાદમાં આજના ૧૦ મૃત્યુ સાથે કુલ મૃત્યુઆંક ૧૪૬૬ અને સુરતમાં ૫ નવા મૃત્યુ સાથે કુલ મૃત્યુ આંક ૧૭૨ થયો છે.

વિતેલા ૨૪ કલાક દરમ્યાન ગુજરાતમાં કુલ ૬૮૦૮ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૩,૯૫,૮૭૩ લેબોરેટરી સ્ટે કરવામાં આવ્યા છે. ગુજરાતમાં હાલ ૭૮૩૯ એકટીવ કેસ છે જેમાંથી ૬૧ વેન્ટીલેટર પર અને ૭૭૭૮ સ્ટેબલ છે.ગુજરાતના તમામ જિલ્લાઓમાં થઈને કુલ ૨,૫૬,૦૨૭ વ્યકિતઓને કવોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જેમાંથી ૨,૫૨,૯૮૬ હોમ કવોરોન્ટાઈન અને ૩૦૪૧ ફેસીલીટી કવોરોન્ટાઈન હેઠળ છે. ગુજરાતમાં આજે ૩૪૦ વ્યક્તિઓ કોરોનાને મહાત આપવામાં સફળ થયા છે. જેને લઈને કુલ ડીસ્ચાર્જ દર્દીઓનો આંકડો ૨૫ હજારને નજીક અર્થાત ૨૪૯૪૧ થયો છે.

# માસ્ક-ગ્લોવ્ઝ પહેર્યા વિના પાણીપુરીનું વેચાણ કરનાર લારીવાળાની ધરપકડ

વડોદરા, તા.૩

માસ્ક પહેર્યા વિના અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન નહી કરી પાણીપુરીનું વેચાણ કરનાર મુકેશ રોહીડાની વારસીયા પોલીસે ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વારસીયા પોલીસ મથકના સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળ્યો હતો. ત્યારે બાતમી મળી હતી. કે વારસીયા રીંગરોડ મોતીનગર ત્રણ રસ્તા પાસે માસ્ક તથા ગ્લોઝ પહેર્યા વિના પાણીપુરીનું વેચાણ થાય છે. આથી પોલીસમેનો તે સ્થળે આવી પહોંચ્યા હતા. માસ્ક તથા ગલોવ્ઝ પહેર્યા વિના પાણીપુરીનું વેચાણ કરતો શખ્સ મુકેશ જયપાલભાઈ રોહીડા (રહે. ૧૮, સુરૂચીપાર્ક સોસાયટી, કૈલાસધામની પાછળ, કુતરાવાડી રોડ,) હોવાનું બહાર આવ્યું હતું.


PUBLIC NOTICE

ICICI Bank

ICICI BANK LIMITED

CIN-L65190GJ1994PLC021012

**Registered Office:** ICICI Bank Tower, Near Chakli Circle, Old Padra Road, Vadodara 390 007, Ph: 0265-6722239

**Corporate Office:** ICICI Bank Towers, Bandra-Kurla Complex, Mumbai 400 051,

**Ph:** 022-26538900, **Fax:** 022-26531228, **Email:** investor@icicibank.com, **Website:** www.icicibank.com

NOTICE is hereby given that, in terms of Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations"), the Board of Directors of the Bank will, *inter alia*, consider the approval of the unaudited financial results for the quarter ended June 30, 2020 at its Meeting to be held on Saturday, July 25, 2020.

The financial results will be available on the Bank's website at **www.icicibank.com** after the approval of the Board.

In accordance with Regulations 46(2) and 47(2) of the Listing Regulations, Notice of the said meeting for the above purpose has been hosted on the website of the Bank at **www.icicibank.com** and that of the Stock Exchanges at **www.nseindia.com** and **www.bseindia.com**.

For ICICI Bank Limited

Sd/-

Ranganath Athreya

Company Secretary

Date : July 03, 2020

Place: Mumbai